ગાંધીનગર સમાચાર

## પી. કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં અભ્યાસ કરતી ક્રિષ્ના ચૌધરી ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ

ગાંધીનગર, તા. ૮

કહેવાય છેને કે મન હોય તો માળવે જવાય,આ કહેવત ને સાર્થક કરી છે એક ખેડૂત પુત્રીએ.મોડાસા તાલુકાના ઉમેદપુર (દધાલિયા) ગામના વતની અને અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત શ્રી પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ મા અભ્યાસ કરતી ચૌધરી ક્રિષ્ના



રાજેન્દ્ર કુમાર એ B.A.Sem 4 અંગ્રેજી વિષયમાં ગુજરાત યુનિવર્સિટીમાં ૧ રેંક મેળવી શ્રી પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ગાંધીનગર સહિત ચૌધરી સમાજ નું ગૌરવ વધાર્યુ છે ત્યારે અખિલ આંજણા કેળવણી મંડળ વતી પ્રમુખ શેઠ હરિભાઈ ચૌધરી એ અભિનંદન પાઠવ્યા હતા. ક્રિષ્ના ચૌધરી ગાંધીનગર ખાતે શ્રી પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ગાંધીનગર ખાતે અભ્યાસ કરે છે અને તેના પિતા ખેતી સાથે સંકળાયેલા છે.ક્રિષ્ના ની મહેનત અને શ્રી પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ માં મળેલા યોગ્ય અને ઉચ્ચ અભ્યાસ થી આજે સમગ્ર રાજ્ય માં એક ખેડૂત પુત્રીએ સમગ્ર રાજ્યમાં ગુજરાત યુનિવર્સિટી મા B.A.Sem 4 અંગ્રેજી વિષયમાં ૧ રેંક મેળવી ડંકો વગાડ્યો છે.ત્યારે ચો તરફ થી અભિનદન ની વર્ષા થઈ રહી છે.

## એસ.વી. અને એસ.જી. અંગ્રેજી પ્રા. શાળામાં ઓનલાઈન થાળી ડેકોરેશન અને ગિફ્ટ કાર્ડ બનાવવાની પ્રવૃત્તિ થઈ



ગાંધીનગર, તા. ૮

સર્વ વિધ્યાલય સંચાલિત એસ.વી. અને એસ.જી., અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ઓનલાઈન ધોરણ ૧ થી ૪ ના વિદ્યાર્થીઓ માટે ગિફ્ટ કાર્ડ અને થાળી ડેકોરેશનની પ્રવૃત્તિ થઈ. વિદ્યાર્થીઓએ ગીફ્ટ કાર્ડ અને વિદ્યાર્થિનીઓને થાળી ડેકોરેશનની આગલા દિવસે સુચના આપી દીધી હતી તેમજ તે અંગેના વિડીયો પણ ગ્રુપમાં મોકલ્યા હતા. પોતાની સૂઝ આધારે વિદ્યાર્થીનીઓએ સરસ થાળી ડેકોરેશન કર્યુ હતું તેમજ વિદ્યાર્થીઓએ સરસ મજાના ગિફ્ટ કાર્ડ બનાવ્યા હતા. વિદ્યાર્થીઓએ આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓની આંતરિક શક્તિ ખીલી હતી આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓએ આનંદથી ભાગ લીધો હતો.



## બીબીએ કૉલેજ દ્વારા "Career, Character & KSV" વિષય પર એક દિવસીય સેમિનાર

ગાંધીનગર, તા. ૮

ગુજરાતના જાણીતા મોટીવેશનલ સ્પીકર જે.સી.પટેલ દ્વારા વિદ્યાર્થીઓ ને અત્યંત ઉર્જાયુક્ત સંબોધન.

ગાંધીનગર સ્થિત બીબીએ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અનેક કાર્યક્રમોનું આયોજન વર્ષ પર્યંત થાય છે. જેના અનુસંધાને આજ રોજ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે કારકિર્દીને ઉજ્જવળ બનાવવા સહિતના યુવા વિકાસ ના મુદ્દાઓ પર એકદિવસીય સેમિનાર નું આયોજન થયું જેમાં પ્રથમ વર્ષ ના ૧૯૦ વિદ્યાર્થીઓ ઓનલાઈન જોડાયા હતા.

કાર્યક્રમનું સંચાલન કોલેજના ઉપાચાર્ય ડો. જયેશતન્ના દ્વારા કરવા માં આવ્યું હતું. તેઓ એ આજના મુખ્ય વક્તા જે. સી.પટેલ સાહેબનો પરિચય વિદ્યાર્થીઓ ને કરાવ્યો હતો. તેમજ આગામી દિવસોમાં કોલેજ દ્વારા આયોજીત થનાર કાર્યક્રમોની આછી રૂપરેખા આપી હતી. તેમજ તેઓ એ આચાર્યશ્રી ડો.રમાકાન્ત પૃષ્ટિ સાહેબ ને આવકાર્યા હતા.

ત્યારબાદ ડો. રમકાન્ત પૃષ્ટિ સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને આજના કાર્યક્રમનું મહત્વ સમજાવ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓને આજના વક્તા જે. સી. પટેલ સાહેબની બહુમુખી પ્રતિભા બાબતે વિદ્યાર્થીઓ ને પરિચય કરાવ્યો હતો.

ત્યારબાદ મુખ્ય વક્તા જે. સી. પટેલ સાહેબ દ્વારા વિદ્યાર્થીઓ તેમજ કાર્યક્રમમાં જોડાયેલા તેમના વાલી ઓ ને તેમના ચોટદાર વકતવ્યથી અભિભૂત કરી દીધા હતા. તેઓ એ તેમના વક્તવ્ય માં મેનેજમેન્ટ કોર્સનું મહત્વ સમજાવ્યું હતું.યુવાઓને સોશિયલ મિડિયા તેમજ ઈન્ટરનેટ અને બાકીના ઓનલાઈન ગેમ જેમાં પબજી વગેરેનો ઉલ્લેખ કરી આ બધાથી દુર રહેવા શીખ આપી હતી. તેમજ વ્યસનથી દુર રહી માનસિક તેમજ શારીરિક સૌષ્ઠવ કેળવવા જણાવ્યું હતું. સાથે-સાથે ધાર્મિક, સામાજિક ઉદાહરણોનો ઉલ્લેખ કરી વિદ્યાર્થીઓ ને તેમાં થી પ્રેરણા મેળવવા જણાવ્યું હતું. સાથે સાથે ગાંધીજી, અમિતાભ બચ્ચન, સચિન તેંડુલકર, ધીરુભાઈ અંબાણી સહિતના ઉદાહરણો આપી તેમના જીવન ચરિત્ર માંથી પ્રેરણા લેવા જણાવ્યું હતું.

પોતાના જીવનનો સંઘર્ષ વિદ્યાર્થીઓ ને તેમની લાક્ષણિક અદા માં જણાવ્યો હતો. તેમજ માતાપિતા ના મહત્વ બાબતે લાગણીસભર રીતે વિદ્યાર્થીઓ ને સમજ આપી હતી. સમગ્ર સેશન દરમ્યાન તેઓ ની અંદર રહેલી ઉર્જા આજના યુવાનને પણ શરમાવે તેવી હતી. આમ સમગ્ર સેમિનાર વિદ્યાર્થીઓ માટે ખૂબ ઉપયોગી રહ્યો હતો.





આજના કાર્યક્રમને સફળ બનાવવા આચાર્ય ડો. રમાકાન્ત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય ડો. જયેશ તન્ના, ડો આશિષ ભુવા તેમજ કોલેજ પરિવાર દ્વારા સઘન પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

કોરોનાના કારણે નાગ દેવતાની પૂજા પણ ઓનલાઈન... શ્રાવણ વદ-૫ એટલે નાગપંચમી એટલે લોકો મંદીર જઈ નાગ દેવતાને, શ્રીફળ અને કુલેર ધરાવતા હોય છે, પરંતુ મંદીરોમાં તહેવારોની ઉજવણી પર પ્રતિબંધ હોઈ લોકોને ઘેર જ ઓનલાઈન પૂજા કરી સંતોષ માનવો પડ્યો હતો. સરગમ ફલેટ, નારંણપુરાના રહીશ મનહરસિંહ વાંઘેલા પરિવારે ઓનલાઈન પૂજા કરી હતી.



## ફેકલ્ટી ઓફ એજ્યુકેશન દ્વારા યોગ વિશે ઓનલાઈન વ્યાખ્યાન યોજાયું




ગાંધીનગર, તા. ૮

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની એસ. એસ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને આર.એચ.પટેલ ઈંગ્લીશ મીડીયમ બી.એડ.કોલેજ સેક્ટર.૨૩,ગાંધીનગરના તાલીમાર્થીઓમાં યોગવિશે સમજ કેળવાય તે હેતુથી તા.૦૭/૦૮/૨૦૨૦ના રોજ યોગવિશે ઓનલાઈન વ્યાખ્યાન યોજાયું. Yoga as a way of life in todays - આ વિષય પર યોજાયેલા કાર્યક્રમમાં તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહેલા લકુલેશ યોગ યુનિવર્સિટી,અમદાવાદના પ્રા. ડૉ.સગુણ તુટેજાએ કોલેજના તાલીમાર્થીઓને યોગ એટલે શું? યોગની ઉત્પત્તિ, યોગના પ્રકારો, પુરાણોમાં યોગનું મહત્વ, ઋષિ પતંજલીએ આપેલ અષ્ટાંગ યોગ,યમ, નિયમ, પ્રાણાયામ, ધ્યાન, સમાધિ તેમજ યોગ અને ચિકિત્સા વિશે માહિતી આપી જુદા જુદા પ્રકારના યોગનું મહત્વ સમજાવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન ડૉ.હરેકૃષ્ણ પટેલ અને ડૉ. વિભા દ્વિવેદીએ કર્યું હતું.

## સોલૈયા ગામે બહુચર-બ્રહ્માણી માતાજીના હોમ-હવનનો કાર્યક્રમ સંપન્ન


ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના સોલૈયા ગામે આજરોજ બહુચર-બ્રહ્માણી માતાજીના હોમ-હવનનો કાર્યક્રમ સંપન્ન થયો. તાજેતરની વૈશ્વિક મહામારીના પગલે અત્યંત જરૂરી નિયંત્રણો સહિત સદર પાવન પર્વ ઉજવવામાં આવ્યું હતું. દર વર્ષની જેમ આ વર્ષે ભવ્યાતિભવ્ય ઉજવણી કરી શકાય તેમ ન હોઈ જમણવાર અને અન્ય જાહેર ઉત્સવની પ્રક્રિયા વિધિ હાથ ધરાઈ ન હતી. માત્ર એક જ પાટલાની ઉછમણી કરવામાં આવી હતી. દાતાસુનિલભાઈ ડાહ્યાભાઈ પ્રજાપતિએ મુખ્ય યજમાન પદે બિરાજમાન રહી હોમ-હવન સંપન્ન કર્યો હતો.




## જન્મદિને વધામણી



ડેલ્વિના ગૌતમકુમાર અમિન
મો. ૯૭૨૩૨ ૭૫૧૫૧



મહર્ષ એન મોદી
મો. ૮૧૬૦૯ ૬૫૭૪૦



પંશુલ હિતેશ ચૌધરી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ : શિક્ષણ ક્ષેત્રે અરુણા પ્રભાતની આશા



પ્રસંગસર

ડો. જયેન્દ્રસિંહ જાદવ

જે ઝાડ પરથી પંખીનો માળો ધબ દઈને તૂટી પડે;

તે ઝાડને શું થાય છે, એ પણ જરા શીખવાડજો

જો વર્ગમાં એકાદ ખિસકોલી સહજ આવી ચઢે;

તુ કેમ છે? પૂછાય છે એ પણ જરા શીખવાડજો

કવિ મુકેશ જોષીની આ પંક્તિઓ 'શિક્ષક ને વિનંતી...' કવિતાની છે. રાધાકૃષ્ણનજી કહેતા કે "શિક્ષણ એ ચેતનાની ખેતી છે, જેના પરિપાકરૂપે સંવેદનશીલ, ચેતનાસભર મનુષ્યોનું નિર્માણ થાય છે". આવા સંવેદનશીલ, ચેતનાસભર, ઉર્જાવાન, શીલવાન, શિસ્તબધ્ધ નાગરિકો એ કોઈ પણ રાષ્ટ્રની જણસ ગણાય છે. જે રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયામાં અમૂલ્ય ફાળો આપી શકે છે. ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા તાજેતરમાં જ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -૨૦૨૦ ની ઘોષણા કરવામાં આવી છે. આ પહેલા વર્ષ ૧૯૮૬માં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડવામાં આવેલ, જેમાં વર્ષ ૧૯૯૨ માં સુધારો કરવામાં આવ્યો હતો. તેથી તેને ૧૯૮૬/૯૨ ની નીતિ પણ કહેવાય છે. આ દષ્ટિએ ત્રણ દાયકા પછી ભારતને નવી શિક્ષણ નીતિની ભેટ મળેલ છે. તે માટે આ સરકારને અભિનંદન આપવા ઘટે.

એકવીસમી સદીએ માનવ જીવનમાં આમૂલ પરિવર્તન આણ્યા છે. આ પરિવર્તનને ધ્યાને લેતા એકવીસમી સદીની જરૂરિયાત મુજબની નવી શિક્ષણ નીતિની ખૂબ જ જરૂરિયાત હતી. જે આ સદીના નવા કૌશલ્યો અને જરૂરિયાતોને સંતોષી, દેશને નવી દિશા આપે. એકવીસમી સદી માટે જરૂરી તમામ બાબતોને ધ્યાને લઈ આ નીતિ તૈયાર થઈ હોવાથી આ નીતિ 'નયા ભારત'નું નિર્માણ કરવામાં નિમિત્ત બનશે તેવી સૌને આશા છે. માનવ સંસાધન વિકાસ મંત્રાલયે વર્ષ: ૨૦૧૫ માં આ નીતિ ઘડવાની શરૂઆત કરેલી. સનદી અધિકારી સુબ્રમણ્યમની અધ્યક્ષતામાં રચાયેલી સમિતિએ ૨૦૧૭ માં કેન્દ્ર સરકારને પોતાનો અહેવાલ સુપ્રત કરેલો. આ અહેવાલની સમીક્ષા કરતા કેન્દ્ર સરકારને આ નીતિ પર વધુ વિચારણાની જરૂરિયાત જણાતા ઈસરોના પૂર્વ વૈજ્ઞાનિક ડૉ. કે. કસ્તુરીરંગનના વડપણ હેઠળ સમિતિની રચના કરવામાં આવી હતી. કસ્તુરીરંગન સમિતીએ પોતાનો અહેવાલ ગયા વર્ષે જ કેન્દ્ર સરકારને સોપેલ છે. જેના આધારે ભારત સરકારે આ નીતિની ઘોષણા કરી છે.

સામાન્ય રીતે નીતિઓ વાતાનુકુલિત કેબીનમાં બેસીને ઘડાતી હોય છે. તેથી વાસ્તવિક સ્થિતિ અને નીતિની જોગવાઈઓ વચ્ચે મોટા પ્રમાણમાં અંતર જોવા મળે છે. આવી નીતિઓનું વાસ્તવિક ક્રિયાન્વયન થઈ શકતું નથી. એક અંગ્રેજ અધિકારીનું વિધાન છે કે "નીતિ એ આદર્શ સ્થિતિનો નિબંધ છે. આ નીતિ અમલમાં મુકાયા પછી તેનો અહેવાલ લખાય અને જો તે આદર્શની નજીક હોય તો એ શ્રેષ્ઠ નીતિ ગણાય." આ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એ દષ્ટિએ જરા જુદી છે. આ નીતિના નિર્ધારકો ફિલ્ડમાં ગયા છે. જુદી-જુદી શૈક્ષણિક સંસ્થાઓ, સામાજિક આગેવાનો, ઉધોગપતિઓ, અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને સંશોધકો સાથે તેમણે લાંબી વાતો કરી છે. સરકારે સમાજ પાસેથી ૨ લાખ કરતા વધુ લોકોના સૂચનો મેળવ્યા છે અને નીતિમાં સમાવ્યા છે. આમ, વાસ્તવિક સ્થિતિનો તાગ મેળવ્યા પછી આ નીતિ ઘડતર થયું હોવાને લીધે આ નીતિ તરફથી આપણને વિશેષ આશા છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિની ઘોષણા વખતે માનવ સંસાધન વિકાસ મંત્રીશ્રીએ કહ્યું કે માનવ સંસાધન વિકાસ મંત્રાલયનું નામ બદલીને 'શિક્ષણ મંત્રાલયહ્વ કરવામાં આવશે. આમ તો શેક્સપિયરે કહ્યું છે કે "What is there in a name?" તેની નીચે તેણે લખ્યું છે કે 'written by Shakespeare'. નામથી ઘણા સૂચિતાર્થો બદલાતા હોય છે. ભારતીય સંસ્કૃતિ મુજબ માનવને માત્ર એક સંસાધન તરીકે જોવું તે ભૂલભરેલું છે. મનુષ્ય પોતે અનેક સંસાધનોને જોડી દુનિયા બદલવાની ક્ષમતા ધરાવે છે. તેથી જ આપણા બાળકો પ્રાર્થનામાં ગાય છે કે 'મનુષ્ય તું બડા મહાન હૈ'. આમ મનુષ્યને માત્ર એક બજારના અન્ય સંસાધનોની માફક ભૌતિક સંસાધન ગણવાનો ભાવ 'માનવ સંસાધન'માં રહેલો છે. આપણી ભારતીય સંકલ્પના મુજબ શિક્ષણ એ વ્યક્તિમાં રહેલી આંતરિક શક્તિઓને બહાર લાવવાનું માધ્યમ છે. આ શિક્ષણ એ મનુષ્ય નિર્માણની પ્રક્રિયા છે. ઉપનિષદ કહે છે કે 'સા વિદ્યા યા વિમુક્તયે- મુક્તિ અપાવે તે જ સાચું શિક્ષણ'. આ તમામ સંદર્ભોને જોતા 'શિક્ષણ મંત્રાલયહ્વનામ આવકારદાયક છે.

આ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ તેના વિઝનમાં ભારત કેન્દ્રી શિક્ષણ દ્વારા સમર્થ અને સશક્ત રાષ્ટ્રનું નિર્માણ કરવાનું લક્ષ્ય રાખે છે. ભારતના દરેક વિદ્યાર્થીને ઉચ્ચ ગુણવત્તાયુક્ત, સમતાયુકત શિક્ષણ સરળતાથી મળી રહે અને આપણો સમાજ 'નોલેજ સોસાયટી' બની રહે તે માટે વાતાવરણ સર્જવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. વળી આ નીતિ એમ પણ કહે છે કે ભારતીય મૂલ્યોથી વિકસિત શિક્ષણ પ્રણાલીના માધ્યમથી આપણા ભાવી વિદ્યાર્થીઓ પોતે ભારતીય હોવાનું ગૌરવ તો અનુભવશે જ, સાથે-સાથે તેમના વિચાર, વ્યવહાર, બુધ્ધિ અને કાર્યોમાં પણ ભારતીયતા દેખાશે. વાસ્તવમાં આ વિધાનો દરેક ભારતીયને હરખ પમાડે તેવા છે. છેલ્લા ૧૫૦ વર્ષથી ચાલી આવતી મેકોલે પ્રેરિત અંગ્રેજી શિક્ષણ પદ્ધતિને ધડ-મૂળથી બદલી, ભારતીય સમાજને જે જરૂરી છે તે શિક્ષણ આપવાની ચર્ચા ઘણા સમયથી ચાલે છે, પણ આ બાબતે નીતિ ઘડતરનું જરૂરી કાર્ય પહેલી વાર થઈ રહ્યું છે.

આ રાષ્ટ્રીય શિક્ષણ નીતિની મહત્વની જોગવાઈઓને સારી રીતે મૂલવવા આપણે ત્રણ ભાગમાં તેની ચર્ચા કરીશું. જેમાં આ લેખમાં પૂર્વ પ્રાથમિક અને પ્રારંભિક પ્રાથમિક શિક્ષણ માટેની જોગવાઈઓ અંગે ચર્ચા કરીશું.




વૈજ્ઞાનિક સંશોધન અનુસાર બાળકના મસ્તિષ્કનો ૮૫ % વિકાસ ૬ વર્ષની ઉંમર સુધીમાં જ થઈ જાય છે. જયારે ભારતમાં ઔપચારિક શિક્ષણની શરૂઆત ૬ વર્ષે થાય છે. ૬ વર્ષની ઉંમર પહેલા સરકારી માળખામાં બાળકને ઔપચારિક શિક્ષણ આપવાની જોગવાઈ અત્યારની નીતિમાં નથી. હાલ પાંચ વર્ષ પૂર્ણ થયા પછી બાળકને ધોરણ- ૧ માં દાખલ કરી શકાય છે. તે માટે આપણે ત્યાં મફત અને ફરજીયાત સાર્વત્રિક શિક્ષણ અધિનિયમ- ૨૦૦૯ (RTE) પણ અમલમાં છે. હાલ ધોરણ : ૧ થી ૫ ને પ્રાથમિક, ધોરણ ૬ થી ૮ ને ઉચ્ચ પ્રાથમિક, ધોરણ : ૯ અને ૧૦ ને માધ્યમિક અને ધોરણ: ૧૧-૧૨ ને ઉચ્ચતર માધ્યમિક તરીકે ઓળખવામાં આવે છે. આ પધ્ધતિને આપણે ૧૦ ૨ પધ્ધતિ તરીકે પણ ઓળખીએ છીએ. આમ વર્તમાન નીતિમાં પાંચ વર્ષ સુધી બાળક માટે ઔપચારિક શિક્ષણની કોઈ વ્યવસ્થા નથી. તેથી પાંચ વર્ષથી નાના બાળકો સરકારી આંગણવાડી કે પછી ખાનગી પ્રિ-સ્કૂલો માં જાય છે. વર્ષ: ૨૦૧૮-૧૯ ના આંકડા મુજબ આંગણવાડીમાં ૨.૩૦ કરોડ બાળકો અને ખાનગી પ્રિ-સ્કૂલમાં ૧.૧૫ કરોડ બાળકો અભ્યાસ કરી રહ્યા છે. આ ખાનગી પ્રિ સ્કૂલોનું કોઈ નિયમન માળખું નથી. કોઈ નિયત અભ્યાસક્રમ નથી. તેમાં ભણાવતા શિક્ષકો માટેની લાયકાત અંગે પણ કોઈ નિયમો નથી. તેથી આ પ્રિ-સ્કૂલો કે આંગણવાડીમાં બાળકના શારીરિક, માનસિક, બૌદ્ધિક વિકાસ માટે વધુ અવકાશ રહેતો નથી. ઉપરથી પ્રિ- સ્કૂલોના અણઘડ અભ્યાસક્રમના બોજમાં બાળક કચડાઈ જાય છે. આ સ્થિતિને વર્ણવતા આપણા જાણીતા શિક્ષણવિદ શ્રી રવીન્દ્ર પારેખ લખે છે કે;

હરિ ચલો કેજીમાં,
નાના-નાના ટાબરિયા પણ આવ્યા પહેલી બીજીમાં
- હરિ ચલો કેજીમાં
સ્કૂલ બેગ કરતા પણ ઓછું હરિ તમારું વેઈટ;
યુનિફોર્મની ટાઈ ન જડતા, હરિ તો પડતા લેઈટ
પછી રડે એવું કે જાણે વર્ષા હો ચેરાપુંજીમાં – હરિ ચલો કેજીમાં.

કેજી એટલે કે કિન્ડરગાર્ડેન-પ્રિ-સ્કૂલોની સ્થિતિનું સચોટ વર્ણન આ કવિતા કરે છે. આ સ્થિતિને ધ્યાને લઈ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ માં પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટેની વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. જૂની તરાહ ૧૦ ૨ ને બદલીને નવી નીતિમાં તેને ૫ ૩ ૩ ૪ ની કરવામાં આવી છે. પ્રથમ પાંચ વર્ષ એટલે બાળકના ત્રણથી સાત વર્ષનો સમયગાળો, જેમાં તે બાળ મંદિર (પ્રિ-સ્કૂલ) ના ત્રણ વર્ષ અને પછી ધોરણ: ૧ અને ૨ નો અભ્યાસ કરશે. તેને પાયાના શિક્ષણનો તબક્કો (Foundation) કહેવામાં આવશે. આ તબક્કામાં પ્રવૃત્તિ અને રમત આધારિત શિક્ષણ પધ્ધતિથી શીખવવામાં આવશે. સારો વ્યવહાર, નૈતિકતા, વ્યક્તિગત-સાર્વજનિક સ્વચ્છતા અને ટીમ વર્ક જેવા ગુણો કેળવવા માટે વાર્તાઓ, ગીતો, ગતિવિધિ આધારિત અભ્યાસક્રમની રચના કરવામાં આવશે. આ તબક્કામાં પાઠ્યપુસ્તકોના બોજ સિવાય શિક્ષણ આપવાની વાત આ નીતિ કરે છે. જે ખરેખર આવકારદાયક છે.

ભારતમાં અનેક બાળકો સામાજિક-આર્થિક વંચિત પૃષ્ઠભૂમિમાંથી આવતા હોય છે. આ દરેક બાળકોની પ્રારંભિક બાલ્યાવસ્થાની દેખભાળ થાય અને તેમનું બાળપણ ખીલી શકે તે માટે વર્ષ ૨૦૩૦ પહેલા આ વ્યવસ્થા સંપૂર્ણ રીતે ગોઠવી દેવામાં આવશે તેમ આ નીતિ કહે છે.

હાલમાં આંગણવાડી એ મહિલા અને બાળ વિકાસ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે. તેને માનવ સંસાધન વિકાસ મંત્રાલય હેઠળ આવરી લઈ આંગણવાડીના કાર્યકરો માટે લઘુત્તમ લાયકાત ૧૦ ૨ કરી તેમને પ્રારંભિક બાળ સંભાળના પ્રશિક્ષણ માટેનો ૬ માસનો કોર્સ કરવાની જોગવાઈ આ નીતિમાં છે. જેનાથી ભારતની ૧૩ લાખથી વધુ આંગણવાડીમાં કાર્ય કરતા કાર્યકરો પ્રશિક્ષિત થશે અને ભારતના ભાવિને ઘડવા વધુ સજ્જતાથી કાર્ય કરશે.

આ નીતિમાં ઉડીને આંખે વળગે તેવી વાત એ વિદ્યાર્થી અને શિક્ષકના ગુણોત્તરની છે. નીતિમાં કહેવાયું છે કે વિદ્યાર્થી:શિક્ષક ગુણોત્તર (Student : Teacher ratio) ૩૦:૧ રહેશે. જે વિસ્તારોમાં બાળકો સામાજિક આર્થિક પછાત છે ત્યાં આ ગુણોત્તર ૨૫ : ૧ નો રહેશે. વર્તમાનમાં આ ગુણોત્તર ઘણો ઉંચો છે. શિક્ષકોની અનેક જગ્યાઓ ખાલી હોવાને કારણે ભારતના મોટા ભાગના રાજ્યોની સ્થિતિ આ બાબતે વખાણવાલાયક નથી. નીતિમાં રહેલી આ જોગવાઈના અમલ માટે સરકારોએ મોટા પ્રમાણમાં શિક્ષકોની ભરતી કરવી પડશે. જેના કારણે આ ક્ષેત્રમાં મોટા પાયે રોજગારીનું સર્જન થશે. સામે સરકારને મોટા પ્રમાણમાં ખર્ચ પણ થશે. આ માટે નીતિમાં કહ્યું છે તેમ GDP ના ૬ % સુધી શિક્ષણ પાછળ ખર્ચ કરવાની તૈયારી રાખવી પડશે. જેનું પ્રમાણ હાલમાં લગભગ ૩.૪૦ % જેટલું છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ દરેક વિદ્યાર્થીને વર્ષ ૨૦૨૫ સુધીમાં ધોરણ ૩ સુધીના તમામ બાળકોને અક્ષરજ્ઞાન અને સંખ્યાજ્ઞાન આપવા માટેનું લક્ષ્ય રાખે છે. આ માટે રાષ્ટ્રીય પ્રારંભિક સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન મિશન શરુ કરવાનું પ્રાવધાન કર્યું છે. વર્તમાન પરિપ્રેક્ષ્યને જોતા આ લક્ષ્યાંક પણ ખૂબ જ અઘરું લક્ષ્યાંક છે. આ માટે ૧૦૦ ટકા નામાંકન અને ડ્રોપ આઉટ દરને ઘટાડવો પડશે. બાળકો નિયમિત શાળાએ આવતા થાય તે માટે તેમને પ્રેરિત કરવા પડશે. માત-પિતામાં જાગૃતિ લાવવી પડશે. શાળાઓનું વાતાવરણ બદલવું પડશે. આ માટે ઈઈ એક્ટને ૬ થી ૧૪ વર્ષને બદલે ૩ વર્ષથી લાગુ કરવાની જોગવાઈ અસરકારક નીવડી શકે છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિની વધુ એક મહત્વની જોગવાઈ ધોરણ ૫ સુધી માતૃભાષામાં શિક્ષણ આપવાની છે. અંગ્રેજી માધ્યમ પાછળ ઘેલા થયેલા લોકોએ સમજવું પડશે કે વિશ્વના તમામ વિકસિત દેશો પ્રાથમિક શિક્ષણ પોતાની ભાષામાં જ આપે છે. તેથી જ બાળકમાં મૌલિક વિચારો, નવીનતા, અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય અને તાર્કિક ક્ષમતા વિકસે છે.

આ નીતિમાં ગીજુભાઈ, હરભાઈ અને નાનાભાઈની ત્રિપુટીનું સંયુક્ત દર્શન જોવા મળે છે. ગુજરાતે તે માટે ગૌરવ લેવું જ રહ્યું. લાઓત્સે એ કહ્યું હતું કે મનુષ્યએ આશાવાન હોવું જોઈએ. આપણે આશા રાખીએ કે દીવા સ્વપ્ન સમાન આ નીતિના માધ્યમથી 'ઘરહ્વ અને 'શાળા' વચ્ચેનો પ્રયાગ રચાશે, આપણા વર્ગખંડોની આબોહવા બદલવામાં આ નીતિ સફળ રહેશે અને શિક્ષણ ક્ષેત્રે અરુણું પ્રભાત ઉગશે.

"પ્રત્યેક બાળક એ સંદેશ સાથે આ પૃથ્વી પર આવે છે કે પરમાત્મા હજુ માનવજાતથી નિરાશ થયો નથી"

- ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર

(લેખક નવી શિક્ષણ નીતિના અભ્યાસુ પ્રાધ્યાપક અને શિક્ષણ સંસ્કૃતિ ઉત્થાન ન્યાસના રાષ્ટ્રીય સહ-સંયોજક છે)